## જન્મદિને વધામણી

આનંદકુમાર ગણપતભાઈ પરમાર

### અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર દશામાના વ્રત સમાપન થતા મૂર્તિ વિર્સજન

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં દશામાના વ્રતમાં ભક્તિના રંગે રંગાયો હતો. સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં આસ્થાપૂર્વક દશામાના વ્રત સમાપન વહેલી સવારે મૂર્તિ વિસર્જન માટે નદી કિનારાના ગામોમાં મેદની ઉમટી હતી.

# મોડાસા ટાઉનના લાંચીયો પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટની ધરપક કરતી એસીબી

મોડાસા, તા. ૧૨

મોડાસા ટાઉન પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટ વર્ષ-૨૦૧૮માં માલપુર પોલીસે સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે દુષ્કર્મના કેસમાં આરોપીને ફાયદો થાય તે રીતે કાગળ કરી આપવા જે તે સમયે ત્રણ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. જેમાંથી ૨ લાખ ૨૫ હજાર રૂપિયા અગાઉ લીધા હોવા છતાં દુષ્કર્મના આરોપીને બાકીના રૂપિયા માટે દબાણ કરતા ગાંધીનગર એસીબીનો સંપર્ક કરતા ૭ જુલાઈએ મોડાસા સહયોગ ચોકડી નજીક ગાંધીનગર એસીબીની ટીમે ટ્રેપ ગોઠવી હતી. ફરિયાદી પાસેથી પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટ ૨૦ હજાર રૂપિયાની લાંચ લીધી હતી. એસીબીની ટ્રેપની ગંધ આવી જતા લાંચના ૨૦ હજાર રૂપિયા લઈ રફુચક્કર થઈ જતા નાસતા ફરતા પીએસઆઈને ઝડપી લેવા એસીબીની ટીમે સંભવિત સ્થળોએ રેડ પાડવાની સાથે રાજ્યના તમામ પોલીસ મથકોમાં જાણ કરવામાં આવી હતી.

મોડાસા ટાઉન લાંચીયો પીએસઆઈ પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટ ૪ દિવસ ભૂગર્ભમાં રહ્યા પછી શનિવારે રાત્રે સામેથી ગાંધીનગર એસીબી ઓફિસમાં હાજર થઈ જતા ગાંધીનગર એસીબી ટીમના તપાસ અધિકારી આર.એન. પટેલ અને તેમની ટીમે પીએસઆઈને રવિવારે ગાંધીનગરથી લઈ આવી મોડાસા સેસન્સ કોર્ટના જજ આગળ રજુ કરતા પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટના ૫ દિવસના રિમાન્ડ

મંજુર કરવામાં આવ્યા હતા. ગાંધીનગર એસીબીની ટીમે ૫ દિવસના રિમાન્ડ મંજુર થતા આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ફોન ઉપાડવાનું મુનાસીબ ન માન્યું

મોડાસા ટાઉન પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટના નામે મોબાઈલની દુકાનમાં તોડ કરવા ગયેલા વહીવટદારનો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલ વિડીયો અંગે પણ જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલને તપાસ સોંપી હતી. કુલડીમાં ગોળ ભાગ્યો હતો તેના થોડા દિવસ પછી પીએસઆઈ બ્રહ્મભટ્ટ લાંચ લેતા એસીબીની ટ્રેપમાં ફસાયા હતા. આ ઘટનાને ૬ દિવસ થયા તેમ છતાં સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાની અને સસ્પેન્ડ કરવા કોઈ મુહર્તની રાહ જોઈ રહ્યા હોય તેવી માહિતી પોલીસસુત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થતા આ અંગે જીલ્લા પોલીસવડા મયુર પાટીલનો ટેલિફોનિક સંપર્ક સાધતા ફોન ઉપાડવાનું મુનાસીબ માન્યું ન હતું. પોલીસબેડામાં ભ્રષ્ટાચાર કરતા અધિકારીઓ અને કર્મચારીઓને એસપી મયુર પાટિલના ચાર હાથ હોવાનું પ્રામાણિક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

# ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર માર્ગો બિસ્માર હાલતમાં અનેક માર્ગો ખાડાઓમાં ફેરવાયા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર માર્ગો બિસ્માર હાલતમાં અનેક માર્ગો ખાડાઓમાં ફેરવાયા વાહન ચાલકોમાં ભારે રોષ ભભુક્યો રહ્યો છે.નેશનલ હાઈ-વે નંબર.૮ મુખ્ય ધોરીમાર્ગ ઉપર શામળાજી થી ચિલોડા સુધી અત્યંત બિસ્માર હાલતમાં હોઈ સમારકામ હાથ ધરવામાં આવે તેવી વાહન ચાલકોની માંગણી છે.

ચોમાસાની સિઝન દરમ્યાન સામાન્ય વરસાદ વરસતા છેલ્લા કેટલાક સમયથી માર્ગો ઉપર ઠેર-ઠેર ગાબડા હોવાના કારણે ઉબડ-ખાબડ માર્ગ ઉપરથી પસાર થતા વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. વાહનોમાં ભાગફોડ થતી અટકાવવા વાહનો ચાલકો ધીમી ગતિએ વાહનો હંકારવા મજબુર છે. રસ્તાઓ પાછળ લાખ્ખો કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે પરંતુ બે નંબરીયા કોન્ટ્રાક્ટરો અને બે જવાબદાર અધિકારીઓની મીલી ભગતથી લખલુંટ ભ્રષ્ટાચાર આચરવામાં આવતા લાખો-કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલા ઠેર-ઠેર માર્ગો લાંબા સમય સુધી કેમ ટકી શકતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે. વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવે છે. સાર્વત્રીક વરસાદ દરમ્યાન મેઘરાજાએ ભ્રષ્ટ્રાચારની પોલ ખુલ્લી પાડી છે. બે નંબરીયા કોન્ટ્રાક્ટરો ધ્વારા તાજેતરમાં બનાવેલા સી.સી. રોડ ઉપર ક્યાંક ગાબડા તો ક્યાંક ખાડાઓનું સામ્રાજ્ય ટુંક સમયમાં જ જોવા મળતા જાગૃત પ્રજાજનોમાં ભારે રોષ ભભુકી રહ્યો છે.લાખ્ખો કરોડો રૂપિયા સી.સી. રોડ અને ડામર રોડ પાછળ વેડફાઈ રહ્યા હોઈ તેમ લોકમુખે ચર્ચાય છે.

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ઈંટાવડી ગ્રામ પંચાયત મત વિસ્તારમાં તાજેતરમાં બનાવેલો સી.સી.રોડ ઉપર ખુબ જ ટુંકા ગાળામાં ગાબડા પડતા જાગૃત ગ્રામજનોમાં તીવ્ર રોષ ભભુકી રહ્યો છે. ઈંટાવડી ગામના મુખ્ય સી.સી. રોડ ઉપર ગાબડા પડ્યા હોવાના કારણે જાગૃત ગ્રામજનોએ વહીવટી તંત્રના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓને લેખિતમાં ધારદાર રજુઆતો કરી હોવા છતાં અધિકારીઓ આળસ ખંખેરવા તૈયાર નથી તેમ લોકમુખે ચર્ચાય રહ્યું છે. રાજ્ય સરકારના મંત્રીઓ સુધી લેખિત રજુઆતો કરી હોવા છતા ન્યાયિક તપાસ આજ દિન સુધી કરાઈ નથી ? સામાન્ય વરસાદ દરમ્યાન લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલા સી.સી. રોડનું ઠેર-ઠેર ધોવાણ થઈ રહ્યું છે.સી.સી. રોડ ઉપર ઠેર-ઠેર મસમોટા ગાબડા જોવા મળી રહ્યા છે. વાહન ચાલકો અને રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે.ઈંટાવડી ગામના જાગૃત ગ્રામજનોએ સી.સી. રોડ ઉપર પડેલા ગાબડા અને ખાડાઓ પુરવાનું કામકાજ સ્વયંભુ શરૂ કર્યુ છે. સી.સી. રોડના કામકાજ દરમ્યાન વ્યાપક ભ્રષ્ટાચાર જવાબદાર હોઈ શકે તેમ જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું. વહીવટી તંત્રના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા ન્યાયિક તપાસ હાથ ધરવામાં આવે તો મોટા પાયે કૌભાંડ ઝડપાઈ શકે તેમ છે.

# ભાવનગરમાં એક ઈંચથી વધારે વર્ષા : ૫૧ જળાશય એલર્ટ ઉપર

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદનું જોર ઘટ્યું છે પરંતુ અનેક વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ઉલ્લેખનીય વરસાદ થયો છે જે પૈકી ભાવનગરમાં એક ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. ધોલેરા હાઈવે આજે સતત ત્રીજા દિવસે પણ બંધ રાખવામાં આવ્યો છે. બીજી બાજુ સુરેન્દ્રનગરમાં ભોગાવો નદીમાં ડુબવાથી બેના મોત થયા હતા. આની સાથે જ વરસાદ સંબંધિત બનાવોમાં મોતનો આંકડો ગુજરાતમાં વધ્યો છે. મોતનો આંકડો ગુજરાતમાં ૩૫ ઉપર પહોંચ્યો છે. ગુજરાતમાં આગામી પાંચ દિવસ માટે હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની ચેતવણી દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, દમણ દાદરાનગર હવેલીમાં રાખવામાં આવી છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં પણ ભારે વરસાદ પડી શકે છે. હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાનો દોર જારી રહી શકે છે. ગુજરાતમાં વરસાદી માહોલ હાલમાં જામેલો છે. આવી સ્થિતિમાં તંત્ર પણ સંપૂર્ણપણે સજ્જ થયેલું છે. બીજી બાજુ હાલમાં જે વિસ્તારમાં પુરની સ્થિતિ સર્જાઈ હતી ત્યાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. ૫૧ જળાશયો હાઈએલર્ટ ઉપર રાખવામાં આવ્યા છે. ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે અત્યાર સુધીમાં ચોમાસાની સીઝનનો કુલ ૮૪ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. ત્યારે ગુજરાતના ૨૦૪ ડેમોમાંથી રવિવાર સુધીમાં ૪૮ ડેમોને હાઈએલર્ટ પર મૂકવામાં આવ્યા છે. એક માત્ર ઉત્તર ગુજરાતના ૧૫ ડેમોમાં પાણીનો ખાસ સંગ્રહ થયો નથી. અહીના ડેમોમાં અત્યારે ૧૯.૨૯ ટકા જળસંગ્રહ છે. મોટાભાગના ડેમોમાં૯૦ ટકા કરતાં વધુ પાણી સંગ્રહ થઈ ચૂક્યો છે. એ જ રીતે ૯ ડેમોમાં ૮૦થી ૯૦ ટકા પાણી હોવાથી એલર્ટ પર મૂકવામાં આવ્યા છે તો ૭૦થી ૮૦ ટકા વાળા ૬ ડેમો પર વોર્નીંગ અપાઈ છે. જે ડેમોને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે તેમાં મચ્છુ ૨, મચ્છુ ૧, ઓઝત, ન્યારી ૨ વગેરેનો સમાવેશ થાય છે.

### અરવલ્લી જિલ્લાના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજ્યા

શ્રાવણ માસના બીજા સોમવારને લઈને અરવલ્લી જીલ્લા સહીત બાયડના શિવાલયો ૐ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા ભગવાન શિવની આરાધના કરવા શિવભક્તો શિવની ભક્તિમાં રસમય થયેલા નજરે પડયા હતા. શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તો બાયડના ઋણમુક્તેશ્વર મહાદેવ બાયડ ગામમાં સોમનાથ મહાદેવ વૈજનાથ મહાદેવ વાત્રકના ધારેશ્વર મહાદેવમા શિવના દર્શન કરવા અને પૂજા પાઠ કરવા સવારથી જ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને શિવાલયમાં ભારે ભીડ જોવા મળી હતી. પૂજારી તરૂણ ભટ્ટના કહેવા પ્રમાણે શ્રાવણ માસના સોમવારના દિવસે લઘુરુદ્ર કરવાથી અનેક ઘણું ફળ મળે છે જ્યારે શિવ ભક્તો આજે જળ બિલ્વપત્ર અને દૂધનો અભિષેક કરી ધન્યતા અનુભવે છે. જ્યારે શિવને જીવ નો અંશ પણ કહેવામાં આવે છે. શિવભક્તોના નાદથી હર હર મહાદેવ મૃત્યુંજય મંત્ર ઓમ નમઃ શિવાયના નાદથી મંદિરો ગુંજી ઉઠ્યા હતા.

# બોપલમાં પાણીની ટાંકી તુટી જતાં ત્રણ લોકોના કરૂણ મોત

અમદાવાદ શહેરના બોપલ વિસ્તારમાં તેજસ સ્કૂલ પાસે પાણીની વિશાળ એક ટાંકી ધરાશાયી થઈ હતી. જેમાં ત્રણ વ્યક્તિના મોત અને છ વ્યકિતઓ ઘાયલ થતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. જર્જરિત થઈ ગઈ હોવાના કારણે પાણીની આ ટાંકી આજે બપોરે ધરાશયી થઈ જતાં તંત્ર પણ દોડતુ થઈ ગયુ હતુ. દુર્ઘટનાને પગલે વિદેશ પ્રવાસે ગયેલા મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટેલિફોનિક વાતચીત કરીને કલેક્ટર પાસે સ્થિતિની માહિતી મેળવી હતી. દુર્ઘટનાનો બનાવ બાજુમાં આવેલી કેટરિંગના શેડ પાસે બન્યો હતો. ઘટનાની જાણ થતાં અમદાવાદ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ટાંકી કકડભૂસ થતાં તેની નીચે છ થી વધુ લોકો દબાયા હતા. જેમને રેસ્ક્યૂ કરી બહાર કાઢવામાં આવ્યા હતા. દુર્ઘટનામાં એક વ્યક્તિના બે પગ કપાઈ જતા તેની હાલત ગંભીર છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અચાનક ટાંકી નમી ત્યારે કારીગરો પૈકી જે હતા હાજર તેઓ દોડીને બહાર નીકળ્યા ગયા હતા. જો કે, નવ લોકો બહાર નીકળી શક્યા ન હતાં. આ ગંભીર દુર્ઘટનામાં રવિ જાદવ, રામદરી કુશવાહ, વિક્રમ ભૌમિકના કરૂણ મોત નીપજયા હતા જયારે સુશીલ દિવાકર, અજય દિવાકર, જયરામ, અહ્લાદારામ, કિશોર અને ચેહર ઠાકોર ઈજાગ્રસ્ત થયા હતા. મુખ્યમંત્રીએ રશિયાથી કલેકટર વિક્રાંત પાંડેસાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને મૃતકોને સહાય આપવાની ખાતરી આપી હતી.મુખ્યમંત્રી વિજય રૂપાણીની સૂચનાને પગલે અમદાવાદ જિલ્લા કલેકટરે તાત્કાલિક સમગ્ર દુર્ઘટનામાં જરૂરી તપાસના આદેશો આપ્યા હતા.

## બોંબરો ઘુસ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી બાજુ આતંકવાદીઓની ઘુસણખોરીના અહેવાલ ખુબ જ ચિંતાજનક દેખાઈ રહ્યા છે. જૈશના સાત ત્રાસવાદીઓની ટોળકી બનિહાલના દક્ષિણ અને પીરપંજાલ પહાડી વિસ્તાર મારફતે ઘુસણખોરી કરી ચુકી છે. આ શખ્સોએ રાજૌરી અને પુંજમાં ઘુસણખોરી કરી હોવાના અહેવાલ મળ્યા છે. ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદના સાત આત્મઘાતી ત્રાસવાદીઓ જમ્મુ કાશ્મીરમાં ઘુસી ગયા હોવાના હેવાલ મળ્યા છે. આની સાથે જ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. તમામ શકમંદો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ઘુસણખોરી કરી ગયેલા આત્મઘાતી ત્રાસવાદીઓ સ્વતંત્રતા દિવસના પ્રસંગે મોટા હુમલાને અંજામ આપી શકે છે. સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સુત્રોએ કહ્યુ છે કે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન જેશના ત્રાસવાદીઓને હુમલા કરવા માટે સુચના આપવામાં આવી છે. જેશના લીડર તરીકે હાલમાં મસુદ અઝહર તરીકે છે.

## બકરી ઈદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેલગામ જેવા વિસ્તારમાં પહોંચ્યા હતા અને લોકો સાથે વાતચીત કરી હતી. વહીવટીતંત્રએ પણ જુદા જુદા વિસ્તારમાં સ્થાનિક મસ્જિદોમાં ઈદની નમાજ માટે મંજુરી આપી હતી પરંતુ ખીણમાં મોટી મસ્જિદોમાં મોટી સંખ્યામાં લોકોને એકત્રિત થવાની મંજુરી આપી ન હતી. રવિવારના દિવસે બેંકો, એટીએમ અને બજારો ખુલ્લા રહ્યા હતા. તહેવાર સાથે જોડાયેલી ખરીદદારી મોટાપાયે કરવામાં આવી હતી. રાજ્યમાં બકરી ઈદની ઉજવણી શાનદાર રહી હતી. અજિત દોભાલે આજે શ્રીનગર, પમ્પોર, લાલચોક, હઝરતબાલ, બડગામ અને દક્ષિણ કાશ્મીરના પુલવામા, અવંતિપોરામાં ફરીને લોકો સાથે વાતચીત કરી હતી. લોકો નમાઝ અદા કરવા માટે લોકો બહાર નિકળ્યા હતા. મોટી મસ્જિદોમાં લોકોને વધુ પ્રમાણમમાં એકત્રિત થવાની મંજુરી આપવામાં આવી ન હતી. સુરક્ષા વ્યવસ્થા વચ્ચે લોકો બહાર નિકળ્યા હતા. ખીણમાં શાંતિની સાથે નમાઝ અદા કરવામાં આવી હતી. ચારેબાજુ જવાનો તૈનાત રહ્યા હતા.

## તૈનાત કર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાને પોતાના તમામ એરબેઝ પર ફાઈટર પ્લેન પણ તૈનાત કરી દીધા છે. ઈન્ટેલિજન્સ એજન્સીએ વાયુસેના અને સેનાને વિમાન તહેનાત કરવા વિશે એલર્ટ મોકલ્યું છે. સ્કર્દૂ પાકિસ્તાનનો એક ફોરવર્ડ ઓપરેટિંગ બેઝ છે. પાકિસ્તાન આ એરબેઝનો ઉપયોગ બોર્ડર પર આર્મી ઓપરેશનના સપોર્ટ માટે કરે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાન વાયુ સેના અહીં અભ્યાસ કરવાની યોજના બનાવી રહી છે. આ જ કારણથી તેઓ તેમના વિમાન સ્કર્દૂમાં શિફ્ટ કરી રહ્યા છે.

પાકિસ્તાને બોર્ડર વિસ્તારમાં પોતાના તરફથી સેના વધારવાની શરૂ કરી દીધી છે. શનિવારે પાકિસ્તાન તરફથી ઇ-૧૩૦ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટને સ્કાર્દૂ એરબેઝ પર લાવવાની શરૂઆત કરવામાં આવી છે.

માનવામાં આવે છે કે, પાકિસ્તાન એરક્રાફ્ટમાં અમુક સામગ્રીઓ લઈને આવ્યા છે. આ એરબેઝ ભારતની લદ્દાખ બોર્ડર પાસે આવ્યું છે. ભારતની એજન્સીઓની પાકિસ્તાનની દરેક પ્રવૃતિઓ પર નજર છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાનના સ્કાર્દૂ એરબેઝ પાસે ત્ર્ઝ-૧૭ ફાઈટર પ્લેનની પણ તહેનાતી કરવાની તૈયારીમાં છે.

## ઘોષણા થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાશ્મીર અને લડાખમાં મૂડીરોકાણ ઉપર વડાપ્રધાનની મનની વાત તેઓએ સાંભળી છે. અંબાણીએ કહ્યું હતું કે, અમે જમ્મુ કાશ્મીર અને લડાખના વિકાસ માટે કટિબદ્ધ છીએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, આળનાર દિવસોમાં જમ્મુ કાશ્મીર અને લડાખ માટે કેટલીક જાહેરાતો કરશે. અંબાણીએ કહ્યુંહતું કે, રિલાયન્સ જમ્મુ કાશ્મીર અને લડાખમાં વિકાસ સાથે જોડાયેલી ગતિવિધિઓ માટે ટાસ્ક ફોર્સ બનાવશે.

## પ્લાન અંગે ચર્ચા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાયેલ ટેન્ડરને મંજૂરી આપી વર્ક ઓર્ડર આપવા અંગે ચર્ચાઓ થશે.

શહેરી વિસ્તારોમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં આર.સી.સી. રોડ બનાવી આંતર માળખાકીય સુવિધાઓના સુદૃઢીકરણનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. આ દિશામાં અગાઉ પણ ત્રણેક ગામોના આવા કામો હાથ ધરાયા હતા. આ કામ માટે પણ ટેન્ડર ૨૫.૯૨ ટકા જેટલુ નીચુ ભરાઈને આવ્યુ હોવાનુ જાણવા મળેલ છે.

આ બેઠકમાં સ્ટોર કીપર રાઠોડને પુનઃ નિયુક્ત કરવા માટે પણ કમિશ્નર તરફથી દરખાસ્ત થઈ આવેલ હોવાથી તેના પર ચર્ચાઓ થાય તેવી શક્યતાઓ છે. શહેરમાં થયેલ વરસાદને પગલે પડેલા ભુવાઓનો મુદ્દો તેમજ વરસાદી પાણીના થયેલા ભરાવાથી વિવિધ સેક્ટરોમાં ઉભી થયેલી સ્થિતિનો પડઘો આજની બેઠકમાં પડે તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત ડિઝાસ્ટર પ્લાન જે બનાવ્યો હતો તેમાં કેટલાક સુધારાઓ સુચવવામાં આવે તેવી શક્યતાઓ છે.

ચ-૨ થી ચ-૦ સર્કલ સુધીના રસ્તાને ઝડપથી રિપેર કરવાને લઈ પણ આ બેઠકમાં ચર્ચા થશે. આ મુખ્ય માર્ગ ઉપરાંત વિવિધ સેક્ટરોના માર્ગોને પણ નુકશાન થયુ છે તેની પણ ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યુ છે. બપોરે ૩ વાગે આ બેઠક મનપામાં સ્થાયી સમિતિના સભાખંડમાં મળવાની છે.

## ભયજનક હાલત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ મુખ્યમાર્ગો પર અનેકવાર વૃક્ષો ધરાશાયી થતા રાહદારીઓ માટે જોખમી સ્થિતિ સર્જાઇ છે. શહેરમાં વનતંત્ર દ્વારા સમયાંતરે સુકા અને જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. જયોર નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓ પણ વરસાદી સંજોગોમાં ગમે ત્યારે તુટી પડે છે. આવા સંજોગોમાં માર્ગો પરથી પસાર થતા રાહદારીઓ તેમજ સેકટરોવાસીઓ માટે મોટુ જોખમ સર્જાય છે. હાલ વરસાદી દિવસોમાં અનેકવાર વૃક્ષો નમી પડવાના તેમજ વૃક્ષો જમીનદોસ્ત થવાના કીસ્સાઓ ધ્યાને આવે છે. ત્યારે શહેરમાં હજુ પણ સુકા અને જોખમી વૃક્ષો અસ્તિત્વમાં છે નગરના ગ માર્ગ પર વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ અકસ્માતનુ કારણ બને તેમ છે. આવા સંજોગોમાં વનતંત્રએ સર્વે હાથ ધરી શહેરમાંથી સુકા અને નમી પડેલા વૃક્ષોને દુર કરવા માટે અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે પણ અનેકવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. પરંતુ સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી ઘણી જગ્યાએ બાકી છે જેના લીધે સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ માટે પણ આ પ્રકારની સ્થિતિ અવરોધરૂપ બની છે.

## હિરા ઉદ્યોગ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડાયમંડ ક્ષેત્રે રશિયા-ગુજરાતની આ ભાગીદારી મહત્વપૂર્ણ ઉપયુક્ત બની રહેશે એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી રશિયા પ્રવાસના બીજા દિવસે ઈન્ડિયા રશિયા કો-ઓપરેશન ઈન ધ રશિયન ફાર ઈસ્ટ સેમિનારમાં ગુજરાતના વેપાર-ઉદ્યોગ પ્રતિનિધિમંડળ સાથે સહભાગી થયા હતા. બશિયાના ડેપ્યુટી પ્રાઇમ મીનીસ્ટર અને ફાર ઈસ્ટર્ન ફેડરલ ડિસ્ટ્રીકટના પ્રેસીડેન્સીયલ એન્વોય યુરી ટુટનેવ આ સેમિનારમાં ઉપસ્થિત હતા. વિજય રૂપાણી ગુજરાતના ૨૮ જેટલા વેપાર-ઉદ્યોગ અગ્રણીઓ સાથે કેન્દ્રીય વાણિજ્ય ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલના નેતૃત્વમાં રશિયાના પ્રવાસે ગયેલા ભારતીય પ્રતિનિધિ મંડળમાં જોડાયા છે. તેમણે કહ્યું કે, ભારત અને રશિયા વચ્ચે બહુ લાંબા સમયથી ગાઢ મિત્રતા રહી છે. પાછલા સાત દસકથી રશિયા સાથે ભારતના સંબંધો ભાવનાત્મક રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની રશિયા યાત્રા અને

રશિયાના રાષ્ટ્રપતિ પુતિનની ભારત યાત્રાના પરિપાકરૂપે દ્વિપક્ષીય સંબંધોને નવો મોડ મળવાનો છે તેમાં ગુજરાત પણ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. મુખ્યમંત્રીએ ગુજરાત સાથેના સંબંધો સુદ્રઢ કરવાના રશિયા દ્વારા લેવાયેલાં પગલાઓની સરાહના કરતાં જણાવ્યું કે, વાયબ્રન્ટ સમિટની ૨૦૧૯, ૨૦૧૭ની બે શ્રૃંખલામાં રશિયાનું ૬૦ થી વધુ સભ્યોનું ડેલિગેશન સહભાગી થયું હતું. ૨૦૧૯ની તાજેતરની વાઈબ્રન્ટ સમિટમાં એનર્જી સેક્ટરની રશિયાની અગ્રણી કંપની રોઝનેફટ દ્વારા ભારતમાં સૌથી મોટા વિદેશી રોકાણની જાહેરાત ગુજરાતની વાડીનાર રિફાઇનરીમાં સીંગલ પ્રોજેક્ટ નાયરા એનર્જી માટે કરી હતી તેનો પણ ઉલ્લેખ મુખ્યમંત્રીએ કર્યો હતો. તેમણે રશિયન ફાર ઈસ્ટ રીજિયનમાં મશીન ઈન્ડસ્ટ્રીઝ, ઓઈલ એન્ડ ગેસ, મેટલ એન્ડ માઈનિંગ, ડાયમંડ, ટુરિઝમ અને ટ્રાન્સપોર્ટ, લોજીસ્ટીક્સ જેવા સેકટર્સ ભારત અને ગુજરાત માટે રસના ક્ષેત્રો છે એમ પણ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ રશિયાના આ રીજિયન સાથે ગુજરાતની ડાયમન્ડ સેકટર સહિતના વિવિધ ક્ષેત્રોની સહભાગિતા માટે જોઈન્ટ ઈન્વેસ્ટમેન્ટ, પ્રોડક્શન, પ્રોસેસીંગ અને સ્કિલ્ડ લેબર ક્ષેત્રમાં સાથે મળીને કાર્યરત થવાની પ્રબળ અપેક્ષા પણ દર્શાવી હતી.

## આગ બબુલા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંચાલન પણ એક જ જગ્યાએથી થાય છે. અમદાવાદની આ હાઈસ્કુલ સવારની છે તેવી રીતે માણેકબા સ્કુલનો સમય પણ સવારનો કરવા માટે અમારી માંગણી છે. આ અંગે વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી તેમજ શિક્ષણ વિભાગની કચેરીમાં પણ રજુઆત કરવામાં આવી છે.વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાને લઈ સવારની શાળા કરવામાં નહીં આવે તો વિદ્યાર્થીઓ દ્વારા અચોક્કસ મુદતની હડતાલના માધ્યમથી લડત આપવામાં આવશે.

## ગીગાફાઈબર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુઝરોને ૧૦૦ એમબીપીએસ સ્પીડ આપવામાં આવશે જ્યારે તેના પ્રિમિયમ પેકમાં આ સ્પીડ એક જીબીપીએસ સુધી રહેશે. હજુ સુધી ભારતમાં ફિક્સ્ડ બ્રોડબેન્ડ કનેક્શનમાં સરેરાશ ડાઉનલોડ સ્પીડ ૨૬.૪૬ એમબીપીએસ છે જ્યારે અપલોડ સ્પીડ ૨૧.૯૧ એમબીપીએસ છે. રિલાયન્સ જીઓ ગીગાફાઈબરની વાર્ષિક પેકેજ (જીઓ ફોરએવર એન્યુઅલ પ્લાન) લેનાર ગ્રાહકોને એચડી ચાર કે એલઈડી ટેલિવિઝન સેટ અને ચાર કે સેટઅપ બોક્સ ફ્રીમાં આપવામાં આવશે. ૭૦૦ રૂપિયાના સૌથી નાના પેકમાં યુઝરને લાઈફટાઈમ ફ્રી વોઈસ કોલ અને હાઈસ્પીડ ઈન્ટરનેટ મળશે. એટલે કે યુઝરને માત્ર ડેટાના પૈસા ચુકવવા પડશે. વોઈસ કોલ ફ્રી રહેશે. જીઓ ગીગાફાઈબર યુઝરને જે સેટઅપ બોક્સ મળશે તેમાં વિડિયો કોન્ફરન્સ કોલની સુવિધા રહેશે. યુઝર આ સેટઅપ બોક્સથી એક વખતમાં મહત્તમ ચાર લોકો સાથે વિડિયો કોન્ફરન્સિગ મારફતે કનેક્ટ થઈ શકે છે. વિડિયો કોન્ફરન્સિગ ટીવીની સાથે જ મોબાઈલ અને ટેબ્લેટ સાથે પણ કરવામાં આવી શકે છે.

## વિચારયાત્રા

● યોથા પાનાનું ચાલુ

(૧૯) કલ્હણ (૧૨મી સદી) 'રાજતરંગિણી' ના કર્તા, (૨૧) જલ્હણ (૧૨મી સદી) મુગ્ધોપદેશના કર્તા (૨૨) શાઙ્ગર્દેવ (૧૩મી સદી) સંગીતજ્ઞ. - 'સંગીત રત્નાકર' ના રચયિતા.

આ ઉપરાંત કેશવ ભટ્ટાચાર્ય, મમ્મર (કાવ્યશાસ્ત્રનો ગ્રંથ 'કાવ્ય પ્રકાશ' નાં રચયિતા) રલ્હણ, શિલ્હણ, મલ્હણ, રુય્યક, કુંતક, રુચક, ઉદ્ભટ્ટ, શંકુક, રત્નાકર (હરવિજયના રચયિતા) શિવસ્વામી, ભર્તૃમેણ્ઠ (હયગ્રીવ - વધ ના કર્તા) મંખક (શ્રીકણ્ઠ રચિતના કર્તા), સોમદેવ, જયદત્ત, ક્ષીરસ્વામી, પિંગલ, વામન, પુષ્પદન્ત, આવા તો અનેક મહાન સંસ્કૃત વિદ્વાન કાશ્મીરની પાવન ભ